# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અખબારી યાદીથી જણાવે છે કે, બોર્ડ સાથે નોંધાયેલ રાજયની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના નિયમિત વિદ્યાર્થીઓના નિયત માળખા મુજબના ગુણ તથા પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયના ગુણ બોર્ડની વેબસાઇટ sci.gsebmarks.in તથા gseb.org પર શાળા દ્વારા તા.૨૫/૦૬/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી તા.૦૧/૦૭/૨૦૨૧ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇનં ભરવા માટે સૂચના આપવામાં આવેલ હતી. શાળાઓ દ્વારા ભરવામાં આવેલ વિગતોની ચકાસણી કરી જરૂર જણાય તો તા.૦૧/૦૭/૨૦૨૧ સુધી સુધારો કરી શકાશે, તેમ લેખિત સૂચનાઓમાં જણાવેલ હતુ.

ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા અને પુન: ચકાસણી કરી લેવા અને ચકાસણીના અંતે કોઇ સુધારો જણાય તો તે તા.૦૩/૦૭/૨૦૨૧ના રોજ સાંજના ૧૭.૦૦ કલાક સુધીમાં કરી લેવા તમામ આચાર્યશ્રીઓને પુન: જણાવવામાં આવે છે.

નોંધ:-સામાન્ય પ્રવાહના ગુણ ભરવાની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે આથી તમામ આચાર્યશ્રીઓને તેમની શાળાના વિદ્યાર્થીઓની ઉપરોકત કાર્યવાહીની પુન: ચકાસણી કરી લેવા અને જરૂરી જણાય તો સુધારો તા.૦૪/૦૭/૨૦૨૧ના રોજ સાંજના ૧૭.૦૦ કલાક સુધીમાં કરી લેવા જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૦૧/૦૭/૨૦૨૧
સ્થળ :- ગાંધીનગર